# NAVSARI MUNICIPAL CORPORATION

# નવસારી મહાનગરપાલિકા

## નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં

## બાંધકામની પદ્ધતિ માટેની પોલીસી

## (BUILDING BY-LAWS)

| Sr. No. | Measures/ Interventions | Applicable Building Size (Based on Built Up Area in $m^2$) | | | |
|---|---|---|---|---|---|
| | | < 1000 $m^2$ | 1001 $m^2$ to 5000 $m^2$ | 5001 $m^2$ to 10000 $m^2$ | > 10000 $m^2$ |
| 1. | **Air Quality Monitoring and Construction Site Surveillance** | | | | |
| 1.1 | **Installation of Air Quality Monitoring Sensors on Construction Sites**<br>• Depending upon the project size, location and the type of activities involved, ambient air quality in respect of Particulate Matter (PM1, PM2.5, PM10, PM100), Pressure, Temperature, Humidity shall be monitored at representative locations in the site and study area as per National Building Code 2016, Volume 2 (12.4.3). Bases this, all construction sites **having built up area >10,000 $m^2$ or building height > 15m to 30m or building height>50m** within Navsari Municipal Corporation limits shall install Dust Monitoring Sensors. Live feed shall be provided to Navsari Municipal Corporation.<br>• **Specifications for Dust Monitoring Sensors:**<br>➢ **Parameters to be measured:** PM1, PM2.5, PM10, PM100, Pressure, Temperature, Humidity<br>➢ **Type of monitoring:** Continuous monitoring with real-time data transfer.<br>➢ **Network Connectivity:** Supports a wide range of connectivity options like GSM / GPRS / WiFi / LoRa / NBIoT/ Ethernet / Modbus<br>➢ **On-device Calibration:** On-site device calibration capability using on-device calibration software.<br>➢ **Data interval:** Every 15 minutes<br>➢ **Battery Backup:** Minimum for 12 hours<br>➢ **Preferred Location:** At office building depending on wind direction<br>➢ **Mounting:** Pole / Wall (preferably 270° open surrounding)<br>➢ **Installation height:** 12-15 feet (4-5 meter)<br>➢ **Network Availability:** Uninterrupted network connection with 4G or 5G connection<br>➢ Continues feed to be provided to Navsari Municipal Corporation starting from the issuance of "Consent to Construct (Raja-Chitthi)" till the "Building Use" permission provided by NMC.<br>➢ **Display of Parameters:** One LED Screen shall be installed at construction site for measured parameters. | - | - | - | Yes |
| | **Measures/ Interventions** | **Applicable Building Size (Based on Built Up Area in $m^2$)** | | | |

| Sr. No. | | < 1000 $m^2$ | 1001 $m^2$ to 5000 $m^2$ | 5001 $m^2$ to 10000 $m^2$ | > 10000 $m^2$ |
|---|---|---|---|---|---|
| 1.2 | **Installation of High-Resolution Cameras for Surveillance on Construction Sites**<br>• Continuous video surveillance of the site shall be done through high resolution cameras (minimum 4 cameras) at 4 sides of the site (preferably entry and corners). Feed is to be provided to Navsari Municipal Corporation.<br>• **Specifications for Cameras:**<br>➢ **Camera Coverage:** Camera must have a wide field of view.<br>➢ **Camera Range:** Range of camera should be at least 20 meters.<br>➢ **Camera Backup:** Minimum 1-month video backup storage capacity<br>➢ **Video quality:** HD 1080p<br>➢ **Video output:** Comply with AHD/TVI/CVI/CVBS<br>➢ Continues feed to be provided to Navsari Municipal Corporation starting from the issuance of "Consent to Construct (Raja-Chitthi)" till the "Building Use" permission provided by NMC. | | Yes | Yes | Yes |
| 2. | **Dust generating sources and Mitigation Measures to be Implemented** | | | | |
| 2.1 | **Demolition Activities, cutting, hammering, crushing, drilling, mechanical demolition, and implosion** | Yes | Yes | Yes | Yes |
| 2.1.1 | Use of windshield of adequate height (Minimum 3m height or 1/3rd of building height, maximum up to 10m) | Yes | Yes | Yes | Yes |
| 2.1.2 | Cover the entire building with green net or different material i.e. Kantan or which material does not allow to emit dust from construction sites. | Yes | Yes | Yes | Yes |
| 2.1.3 | Cutting, grinding, drilling, sawing, trimming, sanding should be done in a covered place with proper ventilation to reduce the dust emissions. | Yes | Yes | Yes | Yes |
| 2.1.4 | Demolition waste generated from demolition activities shall be cleaned within 48 hours or shall be stored in covered manner. C&D waste generated from redevelopment projects and demolition drive by NMC shall be taken directly to C&D waste processing facilities within 48 hours. | Yes | Yes | Yes | Yes |
| 2.2 | **Excavation and dressing the loose soil before the foundation work begins** | | | | |
| 2.2.1 | Ensure periodic water sprinkling through mist machine | Yes | Yes | Yes | Yes |
| **Sr. No.** | **Measures/ Interventions** | **Applicable Building Size (Based on Built Up Area in $m^2$)** | | | |
| | | < 1000 $m^2$ | 1001 $m^2$ to 5000 $m^2$ | 5001 $m^2$ to 10000 $m^2$ | > 10000 $m^2$ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **2.2.2** | Excavated material to be stored in covered manner by using the blue sheet and wet green mesh | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.3** | **Material handling and storage** | | | | |
| **2.3.1** | Ensure the storage of material in covered manner | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.3.2** | Fine dry material (less than 3mm particles size) needs to store inside buildings or cover with adequate protection from the wind. | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.4** | **Material transfer (Construction material and C&D waste)** | | | | |
| **2.4.1** | Excavated material/ construction material/ waste generated from the site shall be transferred in covered manner. | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.4.2** | Ensure the paved and blacktopped roads within construction site for vehicular movement. | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.4.3** | Vehicle speed limit should not exceed 20 km/hr with in construction site. | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.4.4** | Bulk C&D waste Generator (generating more than 20 tons or more waste in one day or total 300 tons per month) shall dispose the generated C&D waste at C&D waste processing plant as per C&D Waste Management Rules 2016. C&D waste generation from demolition activities by NMC and demolition during redevelopment of the project shall be sent directly to C&D waste processing facilities. C&D waste management, transfer and treatment shall follow NMC's C&D waste policy or guidance. | | | **Yes** | **Yes** |
| **2.4.5** | Non-bulk C&D waste generators shall dispose the C&D waste at C&D waste collection centres as notified by NMC (See Annexure 1). | | | **Yes** | **Yes** |
| **2.4.6** | Ensure the tires of vehicles to be cleaned before leaving the site<br><br>Note: It is preferable to use treated wastewater with 10 mg/l BOD post chlorination. | **Yes** | **Yes** | **Yes** | **Yes** |
| **2.4.7** | A tire washer system shall be installed at construction site with high pressure jet to wash the tires and carriage sections of the vehicles before leaving the construction site for more than 10,000 **m²** built-up area. No dust spreading outside the construction site shall be ensured.<br><br>Note: It is preferable to use treated wastewater with 10 mg/l BOD post chlorination. | | | **Yes** | **Yes** |
| **Sr. No.** | **Measures/ Interventions** | **Applicable Building Size (Based on Built Up Area in m²)** | | | |
| | | **< 1000 m²** | **1001 m² to 5000 m²** | **5001 m²** | **> 10000 m²** |
| **2.4.8** | Vehicles hired for bringing construction material at the site shall be in good condition and conform to applicable air and noise emission | **Yes** | **Yes** | **Yes** | **Yes** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | standards. All material handling equipment needs to undergo routine mechanical repair. | | | | |
| **3.** | **Use of mist machine to mitigate the dust emissions** | | | | |
| | • Use of Anti-Smog Gun or Mist Machine shall be ensured for all kind of dust generating activities including; 1) demolition activities, including cutting, hammering, crushing, drilling, mechanical demolition, and implosion; 2) excavation; 3) ready mix cement concrete plant; 4) material storage, handling and transfer, during all phases of construction. Spraying of water/ treated water (upon feasibility) and chemical suppressant before and throughout the demolition process shall be ensured.<br>• **Specification of Mist Machine:**<br>➢ **Working principle:** High pressure water fogging which creates an ultra-fine fog consisting of very fine water droplets (minimum 20 microns to maximum 50-micron size), with the rotation system left to right (0°-180° automatic) and raising (0°-60° automatic). Wireless remote control for automatic operation which can adjust the throw angle, oscillation, and start/stop. Electric control panel with on/ off command of the blower, emergency stop, overload protection, phase protection, dry run controller.<br>➢ **Time Span of Use:** Mist machines shall be used at least three times every day for half an hour at a time. Misting machine shall be used consistently during the demolition process as well as dust generating activities mentioned in this clause.<br>➢ **System mounting Type:** Mobile Type on Trolley or Mist Machine mounted on small vehicle.<br>➢ **Water droplet size:** minimum 20 micron to maximum 50 micron size. | | **Yes** | **Yes** | **Yes** |

## ➢ Air pollution mitigation interventions/ actions to be followed for Ready Mix Concrete (RMC) plant in NMC limit

- **Concrete batching operations shall be barricaded and covered**
- **Use of wet green sheet to reduce the dust emissions**
- **Ensure the use of dust collector system/ bag filter/ dust suppression system for storage silos**
- **Ensure the use of sprinkler system. The amount of water sprayed should be optimized by employing proper design of spray system.**
- **Ensure the wind breaking wall on three sides of open stockpiles which extended to average height of the stockpile.**
- **Ensured the covering of the conveyor belt and transfer points (Airborne dust at all transfer points/operations shall be controlled either by spraying water or by extracting to bag filter.)**
- **Ensure the paved roads for vehicular movement within the site/ plant**
- **Ensure covered transfer of raw material**

## Annexure 1: Notification on C&D Waste Collection Centres and C&D Waste Collection Charges

A. નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો દ્વારા તેઓના મકાન રીપેરીંગ વિગેરેને કારણે ઉત્પન્ન થતી ડેબરીઝનો નિકાલ પોતાના સ્વખર્ચે કરવામાં આવે ત્યારે,

B. ચાર્જેબલ વ્યવસ્થા (નાગરિકોનાં રહેણાંક / ફરિયાદનાં સ્થળ ઉપરથી ઉપાડી લેવા અંગે)

### ગાડી દીઠ = રૂ.૭૫૦/-

- Smart City 311 App ફરિયાદને આધીન
- મનપાને અરજીને આધીન
- અન્ય કોઈપણ પ્રકારે મનપા દ્વારા ઉપરથી ઉપાડી લેવા

# Annexure 2: Notifications Published by Navsari Municipal Corporation for Good Construction Practises

## ૧. ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતી તેમજ પર્યાવરણની જાળવણી માટે બાંધકામ/ડીમોલેશનની પ્રવૃત્તિ દરમિયાન પ્રાથમિક જવાબદારી તથા જરૂરી પગલા બાંધકામ કરનારે લેવાના રહે.

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતી તેમજ પર્યાવરણની જાળવણી અંગે સાઈટ પર પૂરતા પગલા લેવાની પ્રાથમિક જવાબદારી સંબંધિત અરજદાર/માલિક/ડેવલપર/એન્જીનિયરની રહે છે. જેમાં બાંધકામ/ ડીમોલીશનની પ્રવૃતિ થતી હોય તે જગ્યા પર હવાઇ/ભૂમી પ્રદૂષણ થાય નહી તથા આજુબાજુની મિલકતો વ્યક્તિઓને નુકશાન થાય નહિ તે માટે તકેદારીનાં ભાગરૂપે સ્થળ પર નીચે દર્શાવ્યા મુજબના જરૂરી પગલા જે-તે બાંધકામ કરનાર દ્વારા લેવામાં આવે તે આવશ્યક છે. જેમાં મુખ્યત્વે,

- ચાલુ બાંધકામની સાઈટ ઉપર રજાચિઠ્ઠીમાં જણાવેલ શરત મુજબ પ્લોટની હદે/ સલામતી હેતુસર Barricade (પતરાની વાડ), ઉપરાંત ધુળ/રજકણોનો પ્રસાર અટકાવવા માટે બાંધકામની ઊંચાઈનાં સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઈ સુધીના પડદા/ગ્રીન નેટ/વિન્ડશિલ્ડ/બેરીકેટીંગની વ્યવસ્થા કરાવવાની રહેશે.

- ચાલુ બાંધકામની સાઈટ ઉપર ઈમારતી માલસામાન/કાટમાળનાં કારણે ધુળ રજકણો ઉડે નહી તે માટે સાઈટ તથા લુઝ મટીરીયલ યોગ્ય કપડા/ઢાંકી શકાય તેવા મટીરીયલ્સ વડે વ્યવસ્થિત ઢાંકેલ રાખવાના રહેશે તેમજ,

- વાતાવરણમાં ભળી નુકશાન કરતા ડસ્ટ/ લુઝ મટીરીયલ્સના ઉડતા રજકણોવાળી જગ્યામાં પાણીનો છંટકાવ કરી યોગ્ય રીતે ઢાંકીને(Cover કરીને) રાખવાની વ્યવસ્થા કરાવવામાં આવે તે સુનિશ્ચત કરાવવાનુ રહેશે.

- ચાલુ બાંધકામની સાઈટ ઉપર આંતરિક અવર-જવર માટેનાં રસ્તાઓ યોગ્ય પેવીંગ કરેલા હોય તે સુનિશ્ચત કરાવવાનું રહેશે.

- ખોદાણ ચાલુ હોય તેવી સાઈટો ઉપર તથા ટ્રાન્સપોર્ટેશન દરમ્યાન ટ્રક/ વ્હીકલના ટાયરોમાં ચોંટેલ કિચડ/ માટીના કારણે રસ્તા પર કિચડ/ માટીના પથરાવને કારણે ન્યુસન્સ/અસ્વચ્છતા થાય નહી તે માટેનું ખાસ ધ્યાન રાખીને યોગ્ય જોગવાઈ કરાવવાની રહેશે.

- જાહેર રસ્તા પરથી બાંધકામની સાઈટ પર આવન જાવન અન્વયેના બાંધકામની પ્રવૃતિ સાથે સંકળાયેલ ડમ્પરો/ભારખટારા / સાધનો/ વાહનો વિગેરેના ટાયર/ પૈડાના ધોવાની/ સફાઈની પુરતી વ્યવસ્થા સ્થળે કરાવવી, તથા આવા વાહનોને કારણે મ્યુનિસિપલ રસ્તા તથા ફુટપાથ વિગેરે મ્યુનિસિપલ મિલક્તને નુકશાન થાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

- બાંધકામ કામગીરી સાથે સંકળાયેલા મજુરો માટે સેનિટેશન વ્યવસ્થા/ હંગામી આવાસો/ રાંધણ-ગેસ(એલ.પી.જી) ની વ્યવસ્થા કરાવવાની રહેશે તથા કીચનવેસ્ટ વિગેરેનો યોગ્ય નિકાલ થાય તે મુજબનું આયોજન કરાવવાનું રહેશે.

- બેઝમેન્ટના ખોદાણકામ/બાંધકામ દરમ્યાન સલામતીને ધ્યાને લઈ યોગ્ય રીતે Shoring/Shuttering વિગેરે સ્થળસ્થિતિ અનુસંધાને જરૂરીયાત મુજબની કાર્યવાહી કરાવવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

- Construction debris (કાટમાળ), C&D waste નો નિકાલ Designated collection Centreમાં જ કરાવવામાં આવે, તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

- Excavated Earth/Topsoil નો ઉપયોગ મહદઅંશે પ્લોટમાં (Garden, Horticulture, landscape) માં થાય તે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

- બિલ્ડીંગ મટીરીયલ્સ કે અન્ય માલસામાન/કાટમાળ વિગેરે પ્લોટની બહાર કે રસ્તા પૈકીની જગ્યા ઉપર મૂકવામાં આવે નહિ તેની તકેદારી રાખવાની રહેશે.

**ઉપરોકત અનુસંધાને તેમજ પર્યાવરણની જાળવણી તથા આજુબાજુની મિલ્કતોની સલામતી અંગે બાંધકામની રજાચિઠ્ઠીની શરતોમાં દર્શાવ્યા મુજબ તાકીદે સ્થળે પુરતા પગલા લેવા યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. બાંધકામ કરનાર/ કરાવનાર/ લાગતા વળગતા દ્વારા તેમ કરવામાં કસુર થતી માલુમ પડે તો રજાચિઠ્ઠીની શરતોના ભંગ બદલ રજાચિઠ્ઠી સ્થગિત કરવા સહિતની કાયદેસરની આનુષાંગિક શિક્ષાત્મક કાર્યવાહી કરાવવાની થશે.જેની તમામે નોંધ લેવી.**

**૨. ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતિ તેમજ પર્યાવરણની જાળવણી માટે બાંધકામ/ડીમોલેશનની પ્રવૃત્તિ દરમિયાન અવર – જવર કરતા ટ્રકો/ ભારખટારા/ જેસીબી તથા અન્ય મશીનરી અંગે પ્રાથમિક જવાબદારી તથા જરૂરી પગલા બાંધકામ કરનાર લેવાના રહે.**

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતિ તેમજ પર્યાવરણની જાળવણી અંગે સાઈટ પર પૂરતા પગલા લેવાની પ્રાથમિક જવાબદારી સંબંધિત અરજદાર/માલિક/ડેવલપર/એન્જીનીયરની રહે છે. ચાલુ બાંધકામની સાઇટ (Ongoing Construction Site) પર હવાઈ/ ભૂમી પ્રદૂષણ થાય નહિ તથા સાઈટને સંલગ્ન મ્યુનિસિપલ માલિકીના ટી.પી.રસ્તા તથા ફુટપાથ તથા અન્ય મ્યુનિસિપલ મિલકતોને ચાલુ બાંધકામની સાઈટ ઉપર અવર-જવર કરતા ટ્રકો/ ભારખટારા/ જેસીબી મશીન તથા બાંધકામને લગતી અન્ય મશીનરી દ્વારા નુકશાન થાય નહિ. તથા ગંદકી ફેલાય નહી તે માટે તકેદારીના ભાગરૂપે સ્થળ પર નીચે દર્શાવ્યા મુજબના જરૂરી પગલા જે-તે બાંધકામ કરનાર દ્વારા લેવામાં આવે તે આવશ્યક છે. જેમાં મુખ્યત્વે,

- **<u>ખોદાણના સ્ટેજે</u>**

  ચાલુ બાંધકામની સાઈટ ઉપર ખોદાણ દરમ્યાન નીકળતી માટીના નીકાલ કરવા અવરજવર કરતી ટ્રકો માટે, આવી ટ્રકોને સાઈટ ઉપર પ્લોટની અંદર ઉભી રાખવા માટે ઓછામાં ઓછી ૧૫ મી. X ૭.૫૦ મી જગ્યા આર.સી.સી. / પેવીંગ કરવાની રહેશે. તથા વખતોવખત જરૂર જણાયેથી તેનું સમારકામ કરવાનું રહેશે.

- **<u>બેઝમેન્ટનું/ફાઉન્ડેશન કામગીરી પુર્ણ થયા બાદ પ્લિન્થ લેવલ સ્ટેજે</u>**

  ચાલુ બાંધકામની સાઈટ ઉપર માલસામાન લાવવા-લઈ જવા તથા અન્ય કારણોસર અવર જવર કરતી ટ્રકો માટે સાઈટના રસ્તા તરફના ભાગથી શરૂ કરી ઓછામાં ઓછી ૫૦ રનીંગ મીટર અથવા કુલ રસ્તાની લંબાઈના ૫૦% જેટલો આંતરિક રસ્તો આર.સી.સી./ પેવીંગ કરવાનો રહેશે. તથા વખતોવખત જરૂર જણાયેથી તેનું સમારકામ કરવાનું રહેશે.

ઉકત બન્ને સ્ટેજે બાંધકામની પ્રવૃતિ સાથે સંકળાયેલ ડમ્પરો ભારખટારા / સાધનો/ વાહનો વિગેરેના ટાયર/ પૈડાના ધોવાની/ સફાઈની પુરતી વ્યવસ્થા સ્થળે કરાવવી, તથા આવા વાહનોને

કારણે મ્યુનિસિપલ રસ્તા તથા ફુટપાથ વિગેરે મ્યુનિસિપલ મિલક્તને નુકશાન થાય નહી તેની તકેદારી રાખવાની રહેશે. વધુમાં જે-તે સ્ટાફે સંબંધિત વોર્ડમાં આવેલ ઓન-ગોઇંગ કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર નિયમિત મુલાકાત લઈ, ઉપરોક્ત સરક્યુલરનું પાલન થાય તે માટે સૂચના/ નોટીસ આપવાની રહેશે તથા તેનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**ઉપરોકત અનુસંધાને તેમજ પર્યાવરણની જાળવણી તથા આજુબાજુની મિલ્કતોની સલામતી અંગે બાંધકામની રજાચિઠ્ઠીની શરતોમાં દર્શાવ્યા મુજબ તાકીદે સ્થળે પુરતા પગલા લેવા યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. બાંધકામ કરનાર/ કરાવનાર/ લાગતા વળગતા દ્વારા તેમ કરવામાં કસુર થતી માલુમ પડે તો રજાચિઠ્ઠીની શરતોના ભંગ બદલ રજાચિઠ્ઠી સ્થગિત કરવા સહિતની કાયદેસરની આનુષાંગિક શિક્ષાત્મક કાર્યવાહી કરાવવાની થશે.જેની તમામે નોંધ લેવી.**

નવસારી મહાનગર પાલિકા NAVSARI MUNICIPAL CORPORATION SEVA - SUVIDHA - SAHKAR

## 3. હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી બાબતે કાર્યપદ્ધતિ.

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દૂર કરવાની કામગીરી દરમિયાન આ કામગીરી સાથે સંકળાયેલા મજૂરો, આજુબાજુની મિલકતો તથા જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ અન્વયે મળેલ મંજૂરી અનુસારની કાર્યપદ્ધતિ (એનેક્ષર-'એ') આ સાથે સામેલ કરેલ છે.

જે અંગે હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતાં અગાઉ તથા દૂર કરવાની કામગીરી દરમિયાન સંબંધિતો દ્વારા ઉપરોક્ત કાર્યપદ્ધતિનું ચુસ્તતાથી પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા તથા ઉકત કાર્યપદ્ધતિ મુજબની જોગવાઈઓનું પાલન જે તે માલિક/કબ્જેદાર/નિયુક્ત એન્જીનીયર/ડીમોલીશન કરનાર કોન્ટ્રાક્ટર લાગતા-વળગતા તમામ દ્વારા કરવામાં આવે નહિ તો તેવા કિસ્સામાં સંબંધિતોને નોટિસ આપી ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેની દરેક ટેકનિકલ સ્ટાફે નોંધ લેવી.

# <u>એનેક્ષર – એ</u>

**હયાત બાંધકામ દૂર કરવા/Demolition કામગીરી સંદર્ભે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ**

૧. હયાત બાંધકામ દૂર કરવા(Demolish) કરવાની કામગીરી શરૂ કરવાના ૦૭(સાત) દિવસ પહેલા નવસારી મહાનગરપાલિકા કચેરીમાં ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ શાખામાં દૂર કરવાના બાંધકામના ફોટોગ્રાફસ સહિત ફ્લોર, ઉપયોગ વિગેરે વિગતો સહિતઅરજદાર/માલિકે લેખિત જાણ કરવાની રહેશે.

૨. હયાત બાંધકામ દૂર(Demolish) કરવાની કાર્યવાહી ટેકનીકલ વ્યકિત (રજીસ્ટડ એન્જિનીયર /આર્કિટેક્ટ/કર્લાક ઓફ વર્કસ/સ્ટ્રક્ચર એન્જિનીયર)ની નિમણૂંક કરી તેઓના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે, તથા કામ કરતા વ્યક્તિઓ/મજૂરો તથા આજુબાજુની મિલકતો જાહેર જનતાની સલામતી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

૩. ડીમોલીશનની પ્રવૃતિ શરૂ કરતા પહેલા તથા ડીમોલીશન દરમિયાન પ્લોટની દરેક બાજુએ દૂર કરવાના બાંધકામની સાપેક્ષમાં પર્યાપ્ત ઉચાઈ સુધીના પતરાની વાડ (બેરીકેડ)/પડદા/ વિન્ડશિલ્ડ તથા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરના માળના બાંધકામને દૂર કરવાની કામગીરી સમયે ચારે બાજુ નેટ સેફટીનું પ્રોવીઝન સલામતીના જળવાઈ તે હેતુસર કરવાની રહેશે.તથા આવી કામગીરી સમયે સંકળાયેલા તમામ વ્યક્તિઓ/મજૂરોને સેફટી હેલ્મેટ, સેફટી બૂટ, હેન્ડ ગ્લોઝ તથા અન્ય સંશાધનો વિગેરે આવી કામગીરી કરતા માલિક/કોન્ટ્રાક્ટરો મારફતે પૂરા પાડવાના રહેશે.

૪. હયાત બાંધકામ દુર(Demolish) કરવાની કાર્યવાહી દરમ્યાન જાહેરમાર્ગ/અવર જવરનાં રસ્તા ઉપરના વાહન વ્યવહાર કે પગપાળા અવર-જવર કરતા રાહદારીને અડચણ ના થાય તેની પુરતી કાળજી રાખવાની રહેશે.

૫. બાંધકામ ડીમોલીશનની કામગીરી શરૂ કરતાં પહેલાં સ્થળે ડીમોલીશનની કામગીરી અન્વયે ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ (Demolition Work In Progress), DANGER, CAUTION વિગેરે જાહેર રસ્તા ઉપરથી સહેલાઈથી જોઈ શકાય તે મુજબ પ્રસિદ્ધ કરવાનાં રહેશે.

૬. બેઝમેન્ટની ડીમોલીશનની કામગીરી તેમજ Foundation removal કામગીરી દરમિયાન સલામતીને ધ્યાને લઈ યોગ્ય રીતે Shoring/Shuttering વિગેરે કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે. તેમજ ડ્રેનેજ વિગેરે સર્વિસ લાઈનોને નુકશાન થાય નહિ કે લિકેજ હોય તો તે માટે યોગ્ય તકેદારીના પગલા લીધા બાદ જ કાર્યવાહી થાય તેવી કાળજી રાખવાની રહેશે.

૭. ડિમોલીશન કામગીરી દરમ્યાન મશીનરી ઈક્વિપમેન્ટ સાધનો/વાહનોથી થતા કંપન/Vibration ને કારણે આજુબાજુની મિલકતોને નુકશાન થાય નહીં તેની પુરતી કાળજી રાખવાની રહેશે.

૮. હયાત (જુનું) બાંધકામ દુર(Demolish) કરતી વખતે અથવા ત્યારબાદ આજુબાજુના મકાનો/મિલકતને અન્ય કોઈપણ જાતનું નુકશાન કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદાર માલિક/ડેવલપર તથા એન્જીનિયરે/આર્કીટિકટ સ્ટ્રક્ચરલ એન્જીનીયર, કલાર્ક ઓફ વર્કસની રહેશે. કોર્પોરેશન આ બાબતે દિવાની યા ફોજદારી રાહે જવાબદાર ગણાશે નહિ. તેમજ આજુબાજુના રહીશોને કોઈપણ સમયે ખલેલ/નુકશાન થાય નહિ તે રીતે બાંધકામ /ડિમોલિશનની કામગીરી કરવાની રહેશે.

૯. હયાત બાંધકામ દુર(Demolish) કરવામાં આવતુ હોય તે સાઈટ ઉપર રાત્રિ દરમ્યાન પુરતી લાઇટ ની વ્યવસ્થા રાખવાની રહેશે.

૧૦. હયાત બાંધકામ દુર(Demolish) કરવાની કાર્યવાહી સુર્યોદય થી સુર્યાસ્ત સુધીના સમયગાળામાં જ કરી શકાશે.

૧૧. હયાત બાંધકામ દુર(Demolish) કરતા જે કાટમાળ (Construction Debris), C&D Waste નો નિકાલ જાહેર રસ્તાઓ ઉપર નિકાલ કરવાનો રહેશે નહીં, C&D Waste નો Designated Collection Centre માં જ નિકાલ કરવાનો રહેશે.

ઉકત જોગવાઈઓનુ પાલન માલિક/અરજદાર દ્વારા ન કરવામાં આવે તો તેવા કિસ્સામાં ધી જી.પી.એમ.સી. એકટ-૧૯૪૯ ની કલમ-૨૪૮(૨) મુજબ કામ અટકાવી અરજદાર સામે કાનુની કાર્યવાહી કરવા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

## ૪. બાંધકામની વિકાસ પરવાનગીના કિસ્સામાં સી. જી. ડી. સી. આર. – ૨૦૧૭ ના ક્લોઝ નં. ૧૭.૪ તથા શીડ્યુલ નં:૧૨ મુજબ વૃક્ષનું પ્રોવિઝન કરવા બાબત.

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં બાંધકામની વિકાસ પરવાનગીના કિસ્સામાં સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ના કલોઝ નં: ૧૭.૪ તથા શીડયુલ નં: ૧૨ મુજબનાં વૃક્ષોનું પ્રોવિઝન કરી તેનો ઉછેર કરવાનો થાય છે.

૧. ઉપરોકત જોગવાઈ મુજબ સ્થળે પુરતી સંખ્યામાં તથા પુરતી ઊંચાઇમાં વિકસિત વૃક્ષો સાઇટ ઉપર ટ્રી-ગાર્ડ સહિત વાવવામાં આવેલ હોવાની ખાત્રી થયા બાદ જ મનપા કચેરી ખાતેથી બિલ્ડીંગ યુઝ પરમીશન આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે તથા સ્થળે કરવામાં આવેલ વૃક્ષારોપણનાં ફોટોગ્રાફસ બી.યુ.પરમીશનનાં પ્રકરણે સામેલ કરવાનાં રહેશે. વધુમાં બી.યુ. પરમીશન આપ્યા બાદ નવસારી મહાનગરપાલિકાનાં બગીચા ખાતા દ્વારા બાંધકામની સાઇટોની સમયાંતરે સ્થળતપાસ ચકાસણી કરી બી. યુ. પરવાનગી મુજબના વૃક્ષો ઉછેર કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે તપાસ કરવાની રહેશે.

૨. મનપા કચેરી ખાતેથી માસિક ધોરણે બી. યુ. પરમીશનનાં કેસોની વિગતો, ઉછેર કરવાનાં થતા ઝાડની સંખ્યા સહિતની માહિતી મનપા ગાર્ડન ખાતાને મોકલી આપવાની રહેશે.

૩. સ્થળ તપાસ કરતાં બાંધકામની મંજુરી મુજબના વૃક્ષોનો ઉછેર કરવામાં આવેલ ન હોય તો માલિક/અરજદારને ખૂટતી સંખ્યા જેટલા વૃક્ષો દિન-૧૫ માં સ્થળે ઉગાડીને તેને ઉછેરવા જણાવતી નોટીસ નવસારી મહાનગરપાલિકાના બગીચા ખાતા દ્વારા આપવાની રહેશે.

૪. માલિક/અરજદાર દ્વારા દિન-૧૫માં વૃક્ષ સ્થળે ઉગાડીને ઉછેર કરેલ હોય તેના ફોટોગ્રાફસ સાથે સંલગ્ન નવસારી મહાનગરપાલિકાના બગીચા ખાતાની સંલગ્ન ઓફીસ ખાતે જાણ કરવાની રહેશે. માલિક/અરજદાર દ્વારા જાણ કરવામાં ન આવે તો બગીચા ખાતા દ્વારા આવા કેસો અંગેની જાણ મનપા ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ ખાતે આનુષાંગીક કાયદાકીય કાર્યવાહી અર્થે મોકલી આપવાની રહેશે.

## ૫. બાંધકામની વિકાસ પરવાનગીના CGDCR-2017ની જોગવાઈ નં.૧૭.૨.૨ મુજબ બિલ્ડીંગ યુનિટના ક્ષેત્રફળ અનુસાર જરૂરી રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ સાથે સ્થળે પરકોલેશન વેલ બનાવવા બાબત.

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં બાંધકામની વિકાસ પરવાનગીનાં કિસ્સામાં CGDCR-2017ની જોગવાઈ નં.૧૭.૨.૨ મુજબ, બાંધકામ કરતી વખતે, મેળવેલ વિકાસ પરવાનગી અનુસાર બિલ્ડીંગ યુનિટના ક્ષેત્રફળ અનુસાર જરૂરી રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ સાથે સ્થળે પરકોલેશન વેલ બનાવવાનો થાય છે.

ચોમાસાના સમયગાળા દરમ્યાન, પાણીની અછતના નિવારણ તેમજ પાણીની જરૂરીયાત જળવાય અને ભૂ-સંચય થઈ પાણીનો જરૂરી સ્ત્રોત ઉપલબ્ધ બને તે હેતુસર, પરકોલેશન વેલની ચોમાસાના સમય અગાઉ સાફ-સફાઈ-મરામત-નિભાવ થઈ, પરકોલેશન વેલ સંપૂણપણે કાર્યરત થાય તે ખૂબ જ આવશ્યક છે. તેથી સ્થળે મંજુરી મુજબના પરકોલેશન વેલની કાયમી ધોરણે સાફ સફાઈ/મરામત/નિભાવ થાય તે માટે નીચે જણાવ્યા મુજબની કાર્યપદ્ધતિ અપનાવવાની રહેશે.

૧. બી.યુ.પરમિશન પ્રકરણે અરજદાર/માલિક, બી.યુ. પ્રકરણે નિયુક્ત કરવામાં આવેલ એન્જીનિયર્સ/આર્કિટેક્ટ તથા સ્થળે પરકોલેશન વેલ બનાવનાર એજન્સી પાસેથી સંયુક્ત રીતે, "મેળવેલ વિકાસ પરવાનગી અનુસાર મંજુર થયેલ પ્લાનમાં દર્શાવ્યા મુજબ સી.જી.ડી.સી.આર.ની જોગવાઇ ૧૭.૨.૨ અનુસાર બિલ્ડીંગ યુનિટના ક્ષેત્રફળ અનુસાર જરૂરી રેઇન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ સાથે સ્થળે પરકોલેશન વેલ બનાવવામાં આવેલ છે તથા બનાવવામાં આવેલ પરકોલેશન વેલ હાલ સ્થળે સંપૂર્ણપણે કાર્યરત છે તેમજ તે કાયમી ધોરણે કાર્યરત રહે તે મુજબ પરકોલેશન વેલની મરામત/ નિભાવ/જાળવણી કરીશું બાબતની સંયુક્ત નોટરાઇઝ બાંહેધરી રજુ થયા બાદ મનપા કચેરી ખાતેથી બી.યુ.પરમિશન આપવા અંગેની આનુસાંગિક કાર્યવાહી કરવાની રહેશે

૨. બી.યુ. પરમિશન આપ્યા બાદ માસિક ધોરણે મનપા કચેરી ખાતેથી સ્થળે બનાવવામાં આવેલ પરકોલેશન વેલ સહિતની બી.યુ. પરમિશનના કેસોની વિગતો વોટર રિસોર્સીસ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટને પત્રક સ્વરૂપે મોકલી આપવાની રહેશે.

૩. વોટર રિસોર્સીસ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા વાર્ષિક ધોરણે બાંધકામની સાઈટોની સમયાંતરે સ્થળ તપાસ કરી, સ્થળે મંજુરી મુજબના જરૂરી પરકોલેશન વેલ સંપૂર્ણપણે કાર્યરત છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

૪. સ્થળે બનાવવામાં આવેલ પરકોલેશન વેલ સંપૂર્ણપણે કાર્યરત ન જણાય તો પરકોલેશન વેલની જરૂરી સાફ સફાઈ કરાવી પાણીનો ભૂ-સંચય થઈ રીચાર્જ થાય તે રીતે કાર્યરત કરવાની કામગીરી પૂર્ણ કરવા, ઈજનેર વિભાગના વોટર રિસોર્સીસ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ દ્વારા માલિક/અરજદાર/કબ્જેદારને નોટીસ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

૫. માલિક/અરજદાર/કબ્જેદાર દ્વારા સ્થળે પરકોલેશન વેલ સંપૂર્ણપણે કાર્યરત કરી વોટર રિસોર્સીસ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટમાં ફોટોગ્રાફ્સ સહિત જાણ કરવાની રહેશે.

૬. બી.યુ. પરમીશનના પાંચ વર્ષ બાદ પરકોલેશન વેલ સંપૂર્ણપણે કાર્યરત જણાય તો ઈજનેર વિભાગના વોટર રિસોર્સીસ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટનું પ્રમાણપત્ર રજુ થયા બાદ "રેઈન વોટર હાર્વેસ્ટીંગ ડીપોઝીટ" ની રકમ પરત મળવાપાત્ર રહેશે તથા જો પરકોલેશન વેલ કાયમી ધોરણે કાર્યરત રહે તે માટે તેની સાફ-સફાઈ-મરામત-નિભાવ કરવાની યોગ્ય વ્યવસ્થા કરાવેલ ન હોય તો ડીપોઝીટની રકમ જપ્ત કરવાની રહેશે.

નવસારી મહાનગર પાલિકા
NAVSARI MUNICIPAL CORPORATION
SEVA - SUVIDHA - SAHKAR

**Rs.300/- Stamp Paper Notarized**

**પરકોલેશન વેલનુ Self-Declaration તેમજ કાયમી ધોરણે સાફ-સફાઈ/મરામત/નિભાવ કરવા અંગેનું બાંહેધરી પત્ર**

આથી અમો નીચે સહી કરનાર,

(૧) અરજદાર/માલિક/ચેરમેન/સેક્રેટરીશ્રી........................................................................................................

ઉમર/વર્ષ આશરે ............................................. પુખ્ત વયના, રહેવાસીઃ-.........................................................

(૨) એન્જિનિયર/આર્કિટેક્ટ, ....................................................................................................................

ઉમર/વર્ષ આશરે ............................................. પુખ્ત વયના, રહેવાસીઃ-.........................................................

(૩) ઓથોરાઈઝડ પર્સન, પરકોલેશન વેલ બનાવનાર એજન્સી.........................................................................

નામઃ-.........................................................................

ઉમર/વર્ષ આશરે ............................................. પુખ્ત વયના, રહેવાસીઃ-................................................

આથી, અમો આ બાંહેધરી આપીએ છીએ કે, કોમ્પ્રીહેન્સીવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન (CGDCR)ની જોગવાઈ ૧૭.૨.૨ મુજબ,

ટી.પી.સ્કીમનં.......................... ફા.પ્લોટ નં.......................... (મોજે-.......................... ના રે. સ. નં. ................................................, સબ પ્લોટ નં. ................................ મંજુર થયેલ કેસ નં.......................................... તા.- ........................ માં, મંજુર થયેલ પ્લાનમાં દર્શાવ્યા અનુસાર નિયત ડીઝાઈન-સ્પેસિફિકેશનના પાલન સાથે યોગ્ય ક્ષમતા(સાઈઝ, ઊંડાઈ) ધરાવતો પરકોલેશન વેલ બનાવેલ છે. તે અમો આથી પ્રમાણિત કરીએ છીએ.

ચોમાસાના સમયગાળા દરમ્યાન વરસાદી પાણીનો ભૂર્ગભ જળ સંચય થઈ શકે અને પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ બને તથા પાણીની અછતના નિવારણ/ પાણીની જરૂરીયાત જળવાય રહે તે હેતુસર પરકોલેશન વેલ કાયમી ધોરણે સંપૂર્ણપણે કાર્યરત રાખવામાં આવે તે ખૂબ જ આવશ્યક છે તે બાબતથી અમો વાકેફ છીએ. અમે સૌ બાંહેધરી આપીએ છીએ કે ઉપરોક્ત સ્થળે બનાવવામાં આવેલ પરકોલેશન વેલની અમો કાયમી ધોરણે સાફ-સફાઈ/ મરામત/નિભાવ કરીશું. તે માટે અમો પ્રથમ વરસાદી પાણી સાથે પાંદડા/ માટી વિગેરે કચરો પરકોલેશન વેલમાં ન જાય તે માટે તકેદારી રાખી મિલકતના ધાબા/છાપરા/ફળીયા વગેરેમાંથી કચરો દુર કરાવીશું. પરકોલેશન વેલની સાથે જોડાયેલ, વરસાદી પાણી લઈ જતી પાઈપો/નીક/કેચપીટની સમયાંતરે ચકાસણી કરી, તેમાં એકઠા થયેલ પાંદડા | માટી વગેરે કચરો દુર કરી સાફ-સફાઈ કરાવીશું. કેચપીટ તથા તેમાંના ગાળણ અંગેના પેબલ્સ/કાંકરા ઉપર જમા થયેલ માટી સાફ કરી પાણીનો ફુવારો મારી સફાઈ કરી વરસાદી પાણી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા કરીશું. દરેક ચોમાસા પહેલાં અમે આ મુજબ વર્તીશું તેની અમો લેખિત બાંહેધરી આપીએ છીએ.

ઉપર મુજબની બાંહેધરી અમોએ સંપૂર્ણ સભાન અવસ્થામાં તમામ જાણકારી સાથે પૂરા હોશ હવાસમાં આપેલ છે. જે મને/અમોને તથા અમારા વાલી વારસો, સક્સેસરો, પાવર ઓફ એટર્ની હોલ્ડર તેમજ કબ્જેદારો તથા હિત સબંધ ધરાવતા તમામને બંધનકર્તા રહેશે.

| | | |
|---|---|---|
| **ઓથોરાઈઝડ પર્સન**<br>**પરકોલેશન વેલ બનાવનાર એજન્સી** | **એન્જીનિયર્સ/આર્કિટેક્ટ** | **અરજદાર/માલિક/ચેરમેન/સેક્રેટરીશ્રી** |

## ૬. કન્સ્ટ્રકશન સાઈટ પર કોઈપણ પ્રકારની CONSTRUCTION TOWER CRANEના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન અંગેની કામગીરી દરમિયાન જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે અનુસરવાની કાર્યપદ્ધતિ (એનેક્ષર)/ STANDARD OPERATING PROCEDURE (SOP).

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં બાંધકામની સાઈટ અનુસંધાને બાંધકામ કરનાર/માલિક/ ડેવલોપર દ્વારા કન્સ્ટ્રકશન સાઈટ પર કોઈપણ પ્રકારની CONSTRUCTION TOWER CRANEના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન અંગેની કામગીરી દરમિયાન આ કામગીરી સાથે સંકળાયેલા મજૂરો, આજુબાજુની મિલકતો/ માણસો/ વાહનો વિગેરેની જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ અન્વયે મળેલ મંજૂરી અનુસારની કાર્યપદ્ધતિ (એનેક્ષર)/ STANDARD OPERATING PROCEDURE (SOP) આ સાથે સામેલ કરેલ છે.

જે અંગે CONSTRUCTION TOWER CRANEના ઈન્સ્ટોલેશન અનુસંધાને કરવાની થતી કામગીરી શરૂ કરતાં અગાઉ તથા ઈન્સ્ટોલેશન/ ઓપરેશન કરવાની કામગીરી દરમિયાન સંબંધિતો દ્વારા ઉપરોક્ત કાર્યપદ્ધતિનું ચુસ્તતાથી પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા તથા ઉકત કાર્યપદ્ધતિ મુજબની જોગવાઈઓનું પાલન જે તે માલિક/કબ્જેદાર/ડેવલોપર/નિયુક્ત એન્જીનીયર્સ(POR)/TOWER CRANEના ઓપરેટર/ કોન્ટ્રાક્ટર/ લાગતા-વળગતા તમામ દ્વારા કરવામાં આવે નહિ તો તેવા કિસ્સામાં સંબંધિતોને નોટિસ આપી સ્થળે બાંધકામ-પ્રવૃત્તિ બંધ કરાવવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેની દરેક ટેકનિકલ સ્ટાફે નોંધ લેવી.

# એનેક્ષર

# STANDARD OPERATING PROCEDURE (SOP)

બાંધકામની વિકાસ પરવાનગી અપાયેલ હોય અને બાંધકામની કામગીરી માટે કન્સ્ટ્રકશન સાઈટ પર સ્થળે કોઈ પણ પ્રકારની ટાવર કેન ઈન્સ્ટોલેશન/ઓપરેશન કરવાની થતી હોય તેવા કિસ્સામાં મુખ્યત્વે નીચે દર્શાવેલ કાર્યપદ્ધતિ/STANDARD OPERATING PROCEDURE (SOP) મુજબ સ્થળે કામગીરી કરવાની રહેશે/અનુસરવાની રહેશે.

૧. કન્સ્ટ્રકશન માટેની ટાવર ક્રેન ઈન્સ્ટોલેશન અન્વયે The Factories act, 1948 અંતર્ગત Certificate of Competency તથા Industrial Safety And Health Department (GOVT. OF GUJARAT) દ્વારા નિયુક્ત કરેલ એજન્સીનો Inspection Report/ Safety Certificate સમયમર્યાદામાં મેળવી Site પર રજાચિઠ્ઠી સાથે Display કરવાનું રહેશે તથા ટાવર ક્રેનને નિયમિતપણે મેઈન્ટેનન્સ કરી સલામત અને સારી વર્કીંગ કન્ડીશનમાં રાખી સમયાંતરે ઈન્સ્પેકશન કરાવડાવી રીન્યુ (Renew) Inspection Report/ Safety Certificate મેળવવાના રહેશે.

૨. માલિક/ ડેવલોપર્સ વિગેરે દ્વારા ટાવર ક્રેનના Erection, Dismantling and Height Alteration Operations અંગે માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયરની દેખરેખ હેઠળ ટાવર ક્રેનના ટેકનીકલ સ્ટાફ ટીમની હાજરીમાં સુપરવાઈઝિંગ એન્જિનીયરના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે તથા ટાવર ક્રેન અને તેના પાર્ટસની સલામતી / ટેસ્ટીંગ Certificate Of Initial And Periodic Test And Examination Of Crane or Hoists And Their Accessory Gear વિગેરેના સ્ટ્રકચરલ સ્ટેબીલીટી માટે Third Party Inspection Report રજુ કરવાનો રહેશે.

૩. ટાવર ક્રેનના Operation દરમિયાન આજુબાજુની મિલકત તથા સંલગ્ન રસ્તા પરથી પસાર થતા લોકોની જાનમાલનું નુકશાન ન થાય તે અંગેની તથા સલામતીની સંપૂર્ણ જવાબદારી ટાવર ક્રેન સંચાલકો તથા માલિક/ડેવલોપર્સની રહેશે.

૪. ટાવર ક્રેનના Lateral Boom ની Plotની હદની બહાર થતી Movement ને Non-Peak Hours દરમિયાન Crane Signaler તેમજ ટાવર ક્રેન ઓપરેટીંગ માટેના જરૂરી સ્ટાફના Strict Supervision હેઠળ, Safe

Height Clearance સાથે કરવાનું રહેશે. તેમજ કામગીરી દરમિયાન Road Traffic Movement ને અસર થાય તેમ હોય તો જરૂર જણાયે Police Clearance મેળવી લેવાનું રહેશે, તથા ઉપર મુજબની બાહેંધરી રજુ કરવાની રહેશે.(સામેલ મુસદ્દા મુજબ)

૫. Proximity Hazards જેવા કે ઓવરહેડ ઈલેકટ્રીક લાઈન, હાઈ ટેન્શન ગ્રીડ લાઈન, ઓઈલ/ ગેસ વિગેરે પાઈપલાઈનોથી નિયત કન્ટ્રોલ લાઇન મુજબનું સલામત અંતર જાળવીને ટાવર ક્રેનનું ઇન્સ્ટોલેશન અને ઓપરેશન કરવાનું રહેશે.

૬. ટાવર ક્રેનના ઉપરના ટોચનાં ભાગમાં Aircraft warning lights ની જોગવાઈ કરવાની રહેશે.તથા વખતોવખત તેનું ચેકીંગ/ મરામત કરવાની રહેશે.

૭. ટાવર ક્રેન અનુસંધાને કન્સ્ટ્રકશન સાઈટ ઉપર સલામતી અંગે જરૂરી કોર્ડન/ સલામતીની સંજ્ઞાઓ(સાઈનેજ) વિગેરેનું સ્થળે ઇન્સ્ટોલેશન કરવાનું રહેશે.

૮. ટાવર ક્રેનના સલામત ઉપયોગ તથા જાળવણી માટે સંલગ્ન **I.S. CODE** નાં Precaution તથા સરકારશ્રીની વખતોવખતની ગાઈડલાઈન મુજબ વર્તવાનું રહેશે.

**Rs.300/- Stamp Paper Notarized**

## કન્સ્ટ્રકશન સાઈટ ટાવર ક્રેન ઈન્સ્ટોલેશન/ઓપરેશન કરવા માટેની બાંહેધરી પત્ર

આથી અમો નીચે સહી કરનાર.................................................................................................................................................. ઉંમર/વર્ષ આશરે .................................. પુખ્ત વયનાં, રહેવાસીઃ ......................................................................................... આથી જાહેર કરીએ છીએ કે અમારી માલીકીની જગ્યા ટી.પી.સ્કીમ નં.............................. નાં ફા.પ્લેટ નં................................. (મોજે................................ના રે.સ.નં...................................)માં .................................. મી. સુધીની ઊંચાઈની મર્યાદાનાં ....................................... પ્રકારના બાંધકામની વિકાસ પરવાનગી માટે કેસ રજુ કરેલ છે.

સદરહું બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતી કન્સ્ટ્રકશન ટાવર ક્રેન અંગેઃ-

a) કન્સ્ટ્રકશન માટેની ટાવર ક્રેન ઈનસ્ટોલેશન અન્વયે THE FACTORY ACT, 1948 અંતર્ગત Certificate of Competency તથા Industrial Safety And Health Department(GOVT. OF GUJARAT) દ્વારા નિયુક્ત એજન્સીનો Inspection Report/Safety Certificate સમયમર્યાદામાં મેળવી site પર રજાચિઠ્ઠી સાથે Display કરીશું તથા સમયાંતરે ઈન્સ્પેકશન કરાવડાવી Inspection Report/Safety Certificate મેળવી લઈશું.

b) ટાવરક્રેનના Operation દરમિયાન આજુબાજુની મિલ્કત તથા મિલ્કત વપરાશકર્તા તેમજ રસ્તા પરથી પસાર થતાં લોકો/તમામના જાન-માલના નુકશાન ન થાય તે અંગે તમામ સલામતીની સંપૂર્ણ જવાબદારી ટાવરક્રેનના સંચાલકો તથા અમોની રહેશે.

c) ટાવરક્રેનના Lateral Boom ની plotની બહાર થતી movement Non-peak Hours દરમિયાન Crane Signaller તેમજ ઓપરેટીંગ માટેના જરૂરી સ્ટાફના Strict Supervision હેઠળ, Safe Height Clearance સાથે કરીશું. તેમજ કામગીરી દરમિયાન Road Traffic Movementને અસર થાય તેમ હોય તો જરૂરી જણાયે Police Clearance મેળવી કામગીરી કરીશું.

ઉપરોક્ત (a), (b) તથા (c) મુજબની બાંહેધરી અમોએ સંપૂર્ણ સભાન અવસ્થામાં તમામ જાણકારી સાથે પૂરા હોશ હવાસમાં આપેલ છે. જે મને અમોને તથા અમારા વાલી વારસો, સક્સેસરો, પાવર ઓફ એટર્ની હોલ્ડર તેમજ કબ્જેદારો તથા હિત સબંધ ધરાવતા તમામને બંધનકર્તા રહેશે.

અરજદાર/માલીકની સહી................................................... ડેવલોપર્સની સહી..................................................

એન્જીનીયર/આર્કિટેકટની સહી. ......................................... સ્ટ્રકચરલ એન્જીનીયરની સહી............................................

## Annexure 3: Penalty Collection for Violation of Any Good Construction Practises

| અનુ. | વિગત | દંડની રકમ | |
|---|---|---|---|
| **Annexure 1** | | | |
| ૧. | નવસારી મહાનગરપાલિકા C&D Waste ઉપાડવા માટે | રૂ.૭૫૦/- ગાડી દીઠ | |
| **Annexure 2** | | | |
| ૧. | ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતી તેમજ પર્યાવરણની જાળવણી માટે બાંધકામ/ડીમોલેશનની પ્રવૃત્તિ દરમિયાન પ્રાથમિક જવાબદારી તથા જરૂરી પગલા બાંધકામ કરનાર લેવાના રહે. | **બિલ્ટ-અપ એરિયા** | **દંડની રકમ** |
| | | < ૧૦૦૦ ચો. મી. | રૂ. ૫૦/- પ્રતિ ચો.મી. |
| | | ૧૦૦૧ ચો. મી. થી ૫૦૦૦ ચો. મી. | રૂ. ૪૦/- પ્રતિ ચો.મી. |
| | | ૫૦૦૧ ચો. મી. થી ૧૦,૦૦૦ ચો. મી. | રૂ. ૩૦/- પ્રતિ ચો.મી. |
| | | >૧૦,૦૦૦ ચો. મી. | રૂ. ૨૦/- પ્રતિ ચો.મી. |
| ૨. | ચાલુ બાંધકામની સાઈટ (Ongoing Construction Site) પર સલામતી તેમજ પર્યાવરણની જાળવણી માટે બાંધકામ/ડીમોલેશનની પ્રવૃત્તિ દરમિયાન અવર – જવર કરતા ટ્રકો/ ભારખટારા/ જેસીબી તથા અન્ય મશીનરી અંગે પ્રાથમિક જવાબદારી તથા જરૂરી પગલા બાંધકામ કરનાર લેવાના રહે. | રૂ.૫,૦૦૦/- | |
| ૩. | હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી બાબતે કાર્યપદ્ધતિ. | રૂ.૫,૦૦૦/- | |
| ૪. | બાંધકામની વિકાસ પરવાનગીના કિસ્સામાં સી. જી. ડી. સી. આર. – ૨૦૧૭ ના ક્લોઝ નં. ૧૭.૪ તથા શીડ્યુલ નં:૧૨ મુજબ વૃક્ષનું પ્રોવિઝન કરવા બાબત. | રૂ.૫૦૦/- પ્રતિ વૃક્ષ | |
| ૫. | બાંધકામની વિકાસ પરવાનગીના CGDCR-2017ની જોગવાઈ નં.૧૭.૨.૨ મુજબ બિલ્ડીંગ યુનીટના ક્ષેત્રફળ અનુસાર જરૂરી રેઈન વોટર | રૂ.૫,૦૦૦/- | |

| | | |
|---|---|---|
| | હાર્વેસ્ટીંગ સીસ્ટમ સાથે સ્થળે પરકોલેશન વેલ બનાવવા બાબત. | |
| ૬. | કન્સ્ટ્રક્શન સાઈટ પર કોઈપણ પ્રકારની CONSTRUCTION TOWER CRANEના ઈન્સ્ટોલેશન/ ઓપરેશન અંગેની કામગીરી દરમિયાન જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે અનુસરવાની કાર્યપદ્ધતિ (એનેક્ષર)/ STANDARD OPERATING PROCEDURE (SOP). | રૂ.૧૦,૦૦૦/- |

NAVSARI MUNICIPAL CORPORATION
નવસારી મહાનગર પાલિકા
SEVA - SUVIDHA - SAHKAR

## Annexure 4: રેડી-મિક્સ કોંક્રિટ (RMC) પ્લાન્ટ માટેનાં કોંક્રિટ બેચિંગ પ્લાન્ટના Erection / વપરાશ માટે જરૂરી લાઇસન્સ માટેની માર્ગદર્શિકા.

નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં બાંધકામ પ્રવૃત્તિઓનો વેગ ધ્યાને લેતા, ચાલુ બાંધકામની સાઇટ પર જે તે સાઇટની પ્રીમાઇસીસમાં/ લાગુ પ્લોટમાં અથવા તો કોઇ અન્ય પ્લોટમાં ચાલુ બાંધકામની સાઇટોને Ready Mix Concreteની જરૂરીયાતોને પૂરી પાડવા અર્થે/ ધંધાકીય પ્રવૃતી અર્થે Ready Mix Concrete માટેનાં Concrete Batching Plant બનાવવામાં આવે છે. ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા હાલ અમલી CGDCR-2017 ની જોગવાઈઓ મુજબ વિકાસ યોજનાના યુઝ ઝોન (૧) ઈન્ડસ્ટ્રીયલ ઝોનજનરલ (IZ1), (૨)જનરલ એગ્રીકલ્ચર ઝોન(AGZ1), (3) પ્રાઈમએગ્રીકલ્ચરલ ઝોન(AGZ2) તથા (૪) લોજીસ્ટીક ઝોન(LZ) માં ક્રોંકીટ બેચીંગ પ્લાન્ટનો ઉપયોગ મળવાપાત્ર થાય છે. પરંતુ CGDCR- 2017 માં Concrete Batching Plant ના બાંધકામ/ ઉપયોગને લગતી અન્ય કોઈ જોગવાઈઓનો (મંજુરી/ વપરાશને લગતી) ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી સદર વિગતોએ Concrete Batching Plant ના Erection/વપરાશ માટેની SOP (Standard Operating Procedure) તૈયાર કરવાની જરૂરિયાત જણાય છે. જે સંદર્ભે મનપા હદ વિસ્તારમાં આવેલ RMC પ્લાન્ટ Temporary Structure Temporary Use / હેતુ માટે Erection અને License to Use Certificate આપવા અંગેની માર્ગદર્શિકા નીચે મુજબ તૈયાર કરવામાં આવે છે.

### I. RMC/Concrete Batching Plant ના પ્રકાર

સામાન્ય રીતે ૨(બે) પ્રકારના RMC/ Concrete Batching Plant ઉપયોગ હેઠળ છે.

(A) On-Site Concrete Batching Plant.

(B) Off-Site Concrete Batching Plant.

On-Site Concrete Batching Plant.: -

જે ફક્ત જે-તે સાઈટ/ પ્રોજેક્ટના બાંધકામના ઉપયોગ માટે બનાવવામાં આવે અને તેનો ઉપયોગ અન્ય કોઈ વાણિજ્ય પ્રવૃત્તિના હેતુથી કરવામાં આવે નહિ, આવા પ્રકારના પ્લાન્ટ સક્ષમ સત્તા દ્વારા મંજુર થયેલ બાંધકામ/ Infrastructure Projects સંદર્ભે સંબંધિત પ્રોજેક્ટની જમીનમાં/ લાગુ જમીનમાં જ મળવાપાત્ર રહેશે.

Off-Site Concrete Batching Plant.: -

જે Ready Mixed Concreteના વાણિજ્ય વેચાણ (Supply) ના હેતુથી બનાવવામાં આવે છે. જે નિયત કરેલ યુઝ ઝોન વાળી જમીનમાં જ મળવાપાત્ર રહેશે.

**(A) On-site Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવા માટેની માર્ગદર્શિકા:**

(A1) **રેડી-મિક્સ કોંક્રિટ** (RMC) **પ્લાન્ટ / કોંક્રિટ બેચિંગ પ્લાન્ટ માટે ઝોન/જમીન બાબત.**

1. નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સક્ષમ સત્તા દ્વારા મંજુર થયેલ બાંધકામ/ Infrastructure Projects Ready-Mix Concrete (RMC) Plant/ Concrete Batching Plant સ્થાપવામાં આવેલ હોય તે પ્રોજેક્ટની ફા.પ્લોટની જમીનમાં મંજુર પ્રોજેક્ટ સંદર્ભે નિયત કેપેસીટીનો અથવા તેની લાગુ ફા.પ્લોટની જમીનમાં Ready-Mix Concrete (RMC) Plant/Concrete Batching Plant મળવાપાત્ર થશે.

(A2) Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant **ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટ મેળવવા માટે જરૂરી પુરાવા**:

1. જે તે પ્રોજેક્ટ માટે ઇસ્યુ કરવામાં આવેલ રજાચીઠ્ઠી અને લે-આઉટ પ્લાનની નકલ રજુ કરવાની રહેશે. (નોંધ :સી.જી.ડી.સી.આર.ની જોગવાઇ મુજબ મુદત ચાલુ હોવી જોઇશે.)
2. ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડની એન.ઓ.સી. રજુ કરવાની રહેશે
3. સદર પ્લાન્ટનો અન્ય કોઈ પ્રોજેકટ માટે અથવા વેચાણ માટે ઉપયોગ કરવામાં નહીં આવે તે બાબતની નોટરાઇઝ્ડ બાંહેંધરી રજુ કરવાની રહેશે.
4. સંલગ્ન પ્રોજેક્ટ હેઠળના સ્ટ્રકચર એન્જીનિયરનુ STRUCTURAL SAFTEY અંગેનું પ્રમાણ પત્ર રજુ કરવાનું રહેશે.

(A3) Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant **ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટ મેળવવા માટે અરજી કરવા બાબત:**

- Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટ માટે મનપા કચેરી ખાતે જરૂરી પુરાવા રજુ કરવાના રહેશે.
- મનપા હદ વિસ્તારમાં હાલ કાર્યરત On-site Concrete Batching Plant ના કિસ્સામાં, સદર SOP પ્રસિદ્ધ થયાના ૬૦(સાઈઠ) દિવસમાં મનપા કચેરી ખાતે જે તે અરજદાર/ માલિક દ્વારા નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.

(A4) **લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ માટે ફી**.-

- License Fees for **1** Year or Part thereof (Up to Completion of Entire Project): **રૂ. ૨૫,૦૦૦/-** (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) અરજી કરતા સમયે મનપામાં જમા કરાવવાના રહેશે.

  **નોંધ:- (License Fees: As may be revised for time to time by the competent Authority)**

**(A5)પેનલ્ટી:**

1. સદર માર્ગદર્શિકા કાર્યપદ્ધતિ પ્રસિદ્ધ થયાના ૬૦ (સાઈઠ) દિવસ સુધીમાં લાયસન્સ મેળવવા અરજી ન કરવામાં આવે તેવા કિસ્સામાં જો બાંધકામના સ્થળે Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant કાર્યરત હોવાનું ધ્યાને આવશે/ માલુમ પડશે, તેવા કિસ્સામાં પ્રતિ દિન રૂ.૧,૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) પેનલ્ટી તરીકે વસુલ લેવામાં આવશે. અને જરૂર જણાય તો પ્લાન્ટ સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
2. મનપાના ટી.પી.રસ્તામાં નુકસાન બાબતે જે-તે પ્લાન્ટ ધારકે નવસારી મહાનગરપાલિકા ખાતે સંલગ્ન અમલીકરણ શાખા દ્વારા જણાવવામાં આવે તે મુજબ સદર રોડ-રસ્તાનું સ્વ-ખર્ચે રીપેરીંગ કરવાનું રહેશે અને જો નવસારી મહાનગરપાલિકાને રોડ-રસ્તા રીપેરીંગ કરવાની ફરજ પડશે તો તેવા કિસ્સામાં રીપેરીંગ માટે થયેલ "ખરેખર ખર્ચ + વહીવટી ફી" અરજદાર/ લાયસન્સ ધારક પાસેથી વસૂલ લેવામાં આવશે.

**(A6) લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટનો સમયગાળો**

1. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની મહત્તમ સમયમર્યાદા જે તે પ્રોજેક્ટ માટે મેળવેલ વિકાસ પરવાનગી/ રજાચિઠ્ઠીની મુદત સુધીની અથવા બી.યુ. પરમિશન (લે-આઉટના કિસ્સામાં છેલ્લા બ્લોકની) મળે ત્યાં સુધીની, બન્ને માંથી જે ઓછી હશે તે મુજબ મળવાપાત્ર રહેશે.
2. મનપા કચેરી ખાતેથી મંજુર બાંધકામની (છેલ્લા બ્લોકની) વપરાશ પરવાનગી મેળવતા પહેલા સ્થળે સદર પ્લાન્ટનું બાંધકામ/ ઉપયોગ દૂર કરવાનું રહેશે.

**(B) Off-site Concrete Batching Plant લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવા માટેની માર્ગદર્શિકા:**

**(B1) અમલી વિકાસ નકશા મુજબ યુઝ ઝોન અંગેની જોગવાઇ:**

નામ. સરકારશ્રી દ્વારા મંજુર અને અમલી CGDCR-2017ની જોગવાઈ મુજબ નીચે મુજબના લેન્ડ યુઝ ઝોનમાં Concrete Batching Plant મળવાપાત્ર છે.

**(૧) ઈન્ડસ્ટ્રીયલ ઝોન જનરલ (IZ1)**

**(૨) જનરલ એગ્રીકલ્ચરલ ઝોન (AGZ1)**

**(3) પ્રાઈમ એગ્રીકલ્ચરલ ઝોન (AGZ2)**

**(૪) લોજીસ્ટીક ઝોન (LZ)**

**(B2) Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવા માટે જરૂરી પુરાવા:**

1. જે તે જમીનની માલિકી અંગેના આનુષાંગીક પુરાવા (રેવન્યુ રેકર્ડ ગામ નમૂના નં. ૭, પ્રોપર્ટી કાર્ડ, ભાડા કરાર, માલિક સાથેનો Agreement, Lease Deed વિગેરે)
2. બીન ખેતીનો હુકમ
3. ઝોનીંગ સર્ટીફીકેટ તથા વિકાસ નિયંત્રણનો અભિપ્રાય તથા નોન ટી.પી. સ્કીમનો અભિપ્રાય.
4. રોડ નેટવર્કનો માન્ય પાર્ટ પ્લાન/ નક્શો.
5. ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડની એન.ઓ.સી. રજુ કરવાની રહેશે.
6. માન્ય સ્ટ્રકચર એન્જીનિયરનુ STRUCTURAL SAFTEY અંગેનું પ્રમાણ પત્ર રજુ કરવાનું રહેશે.
7. "Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant જે જમીન પર ઉભો કરવાનો હોય તે જમીન અંગે કોઇ વાદ-વિવાદ કે તકરાર કે કોર્ટ-લીટીગેશન નથી તે અંગેની નોટરાઇઝડ બાહેંધરી રજુ કરવાની રહેશે.
8. HT Electric Line/ Gas Petroleum Line/ Railway, Water body થી બિલ્ડીંગ કંટ્રોલ લાઇન અન્વયેની વિગતો રજુ કરવાની રહેશે.
9. લાગુ પડતા કિસ્સામાં ASI NOC તથા અન્ય લાગુ પડતી તમામ NOC રજુ કરવાની રહેશે.

**(B3) Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવા માટે અરજી કરવા બાબત :**

1. Ready-Mix Concrete (RMC) Plant/ Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ માટે મનપા કચેરી ખાતે જરૂરી પુરાવા રજુ કરવાના રહેશે.

2. નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં હાલ કાર્યરત Off-site Concrete Batching Plant ના કિસ્સામાં, સદર માર્ગદર્શિકા પ્રસિદ્ધ થયાના ૬૦ (સાઈઠ) દિવસમાં મનપા કચેરી ખાતે જે તે અરજદાર/ માલિક દ્વારા નિયત નમુનામાં અરજી કરવાની રહેશે.
3. લાયસન્સ ટુ યુઝ સર્ટીફીકેટની સમયમર્યાદા પૂર્ણ થવાના 30(ત્રીસ) દિવસ અગાઉ રીન્યુઅલ માટે જરૂરી દસ્તાવેજી પુરાવા સહિત સબંધીત ઝોનલ કચેરી ખાતે પુન:અરજી કરવાની રહેશે.

**(B4) રેડી-મિક્સ કોંક્રિટ (RMC) પ્લાન્ટ/કોંક્રિટ બેચિંગ પ્લાન્ટ**

1. પ્લોટનું લઘુત્તમ ક્ષેત્રફળ: ૩,૫૦૦ ચો.મી. હોવુ જોઇશે.
2. સુચિત પ્લાન્ટ માટેના પ્લોટને ન્યુનત્તમ ૧૨.૦ મીટર પહોળો એપ્રોચ રોડ ઉપરથી પ્રવેશ મળતો હોવો જોઈશે.
3. જે વિસ્તારમાં નગર રચના યોજના બનેલ ન હોય, તેવા પ્લોટમાં આવવા જવા માટે એપ્રોચ રસ્તાની જવાબદારી, અરજદાર/ જમીન માલિકની રહેશે.
    - "સી.જી.ડી.સી.આર. ૨૦૧૭ની જોગવાઇ અનુસાર મુખ્ય રસ્તા તરફનુ મિનીમમ ૪.૫૦મી. કે રસ્તાની પહોળાઈ અનુસંધાને જરૂરી માર્જીન તથા અન્ય તમામ બાજુએ ૪.૫૦ મી. મીનીમમ માર્જીન રાખવાનું રહેશે.
4. સાઇડ માર્જિન ૪.૫૦ મીટર રાખવાનું રહેશે.
5. પ્લોટ બાઉન્ડ્રી ઉપર ઓછામાં ઓછી ૫.00 મીટર ઉંચાઇની બેરીકેટીંગ કરી/ પતરાં લગાવવાનાં રહેશે.

**(B5) લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ માટે ફી:-**

1. Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ ની એક (૧) વર્ષ ની ફી (For 1 Year or Part thereof) રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) રહેશે.
   નોંધ:- (License Fees: As may be revised for time to time by the competent Authority)
2. Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવા માટે અરજીની સાથે રૂ. ૫,૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) એડવાન્સ ફી પેટે જમા કરાવવાના રહેશે. સદર રકમ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવતા સમયે મજરે આપવામાં આવશે.
3. Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવતા અગાઉ સિક્યુરીટી ડીપોઝીટ પેટે રૂ. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) મનપામાં જમા કરાવવાના રહેશે.
4. દર વર્ષે રીન્યુઅલ ફી રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પૂરા) રહેશે.

5. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની અવધિ પૂર્ણ થયા બાદ લાયસન્સ રીન્યુઅલ માટે અરજી કરવામાં આવે તે કિસ્સામાં પ્રતિ દિન રૂ. ૧,૦૦૦/- (રૂપિયા એક હજાર પૂરા) લેખે પેનલ્ટી તરીકે વસૂલ લેવામાં આવશે.

**(B6) પેનલ્ટી:**

1. સદર માર્ગદર્શિકા/ કાર્યપદ્ધતિ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં મનપા હદ વિસ્તારના કાર્યરત તમામ પ્લાન્ટ દ્વારા લાયસન્સ મેળવી લેવા અરજી કરવાની રહેશે.
2. જો કોઈ કિસ્સામાં મનપાના લાયસન્સ મેળવ્યા સિવાયનો પ્લાન્ટ કાર્યરત ધ્યાને આવશે/માલુમ પડશે, તો પ્લાન્ટ સીલ કરવામાં આવશે તથા પેનલ્ટી તરીકે રૂ. ૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પૂરા) વસુલ લેવામાં આવશે.
3. સદર માર્ગદર્શિકા જાહેર થયા બાદ જો કોઈ નવો પ્લાન્ટ લાયસન્સ મેળવ્યા વગર કાર્યરત કરવામાં આવશે, તો તેવા કિસ્સામાં મનપા તાત્કાલિક પ્લાન્ટ બંધ/ સીલ કરવાની કામગીરી હાથ ધરી શકશે. તેમજ લાયસન્સ ઈસ્યુ કરતા સમયે પેનલ્ટી તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પૂરા) નિયત લાયસન્સ ફી ઉપરાંત વસુલવામાં આવશે.
4. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટમાં સુચવેલ કોઈપણ શરતનો ભંગ થવાના કિસ્સામાં દિવસ દીઠ રૂ.૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ તરીકે વસુલ કરવામાં આવશે.
5. રેડી મીક્સ કોંક્રિટ પ્લાન્ટ વાહનો દ્વારા જાહેર રસ્તામાં થતા નુકસાન બાબતે જે-તે પ્લાન્ટ ધારકે મનપા દ્વારા જણાવવામાં આવે તે મુજબ સદર રસ્તાનું સ્વ-ખર્ચે રીપેરીંગ કરવાનું રહેશે. અને જો મનપાને આવા રસ્તા રીપેરીંગ કરવાની ફરજ પડશે તો તેવા કિસ્સામાં મનપા પ્લાન્ટ ધારક પાસેથી રીપેરીંગ માટે થયેલ "ખરેખર ખર્ચ + વહીવટી ખર્ચ" વસૂલ લેવામાં આવશે. અન્યથા સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.
6. જે કિસ્સામાં મનપાને લાયસન્સ રદ્દ કરવાની ફરજ પાડશે, તેવા કિસ્સામાં સીક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.
7. જો કોઈ કારણસર પેનલ્ટી વસૂલવાની થતી હોય તો તે રકમ ડિપોઝીટ માંથી કપાત કરવામાં આવશે.
8. પ્લાન્ટ ક્લોઝરના કિસ્સામાં સીક્યોરીટી ડિપોઝીટ પરત મેળવવા માટે જરૂરી ચકાસણી કરાવી યોગ્ય યથાવત સ્થિતિ કરવાની રહેશે.

**(B7) લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ નો સમયગાળો**

1. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની સમયમર્યાદા એક વર્ષની રહેશે. એક વર્ષ બાદ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ રીન્યુ (Renew) કરાવી લેવાનું રહેશે.

2. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની સમયમર્યાદા/ અવધિ પૂર્ણ થયાના ૩૦ (ત્રીસ) દિવસ પહેલા અરજી કરવાની રહેશે.
3. ખાનગી અથવા સરકારી સંસ્થાઓ પાસેથી ભાડે અથવા લીઝથી મેળવેલ જમીનોના ભાડા કરાર/ લીઝની અવધિ પૂર્ણ થયેથી લાયસન્સ ટુ યુઝની અવધિ આપોઆપ પૂર્ણ થયેલી ગણાશે.

**(B8) અન્ય**

1. GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ) ની જરૂરી NOC મેળવેલ હોવી જોઇશે.
2. Fire Safety અંગેનાં જરૂરી પ્રોવિઝન કરવાના રહેશે.
3. રોડ/ રેલ્વે/ નહેર (કેનાલ)/ ઐતિહાસિક ઇમારતોથી ઔદ્યોગિક એકમના અંતર બાબતે સરકારનાં સંલગ્ન વિભાગ (જેવા કે, માર્ગ અને મકાન/ પંચાયત/ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એન.એચ.એ.આઇ.)/ રેલ્વે/ ઈરીગેશન/ પુરાતત્વ વિભાગ વિગેરે) દ્વારા નિર્ધારિત નિયંત્રણ રેખા અનુસાર જરૂરીઅંતર રાખવાનું રહેશે/ તેમની સુચનાનું પાલન કરવાનું રહેશે.
4. સ્થળે સ્થાપવામાં આવતા પ્લાન્ટ તથા તેમાં કામ કરતાં મજુરો / માણસો માટે જરૂરી Insurance મેળવવાનો થતો હોય, તો પ્લાન્ટ ધારક દ્વારા મેળવી લેવાનો રહેશે.
5. CGDCR - 2017 ના Chapter 20 'Conformity to other Acts and Regulations' ની જોગવાઈ મુજબ અન્ય લાગુ પડતા કાયદાઓ / વિનિયમો અન્વયેની પરવાનગીઓ મેળવવાની રહેશે.
6. Concrete Batching Plant કે જે માત્ર રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર કે મનપા/ સરકારશ્રી હસ્તકના પ્રોજેક્ટ્સ માટે સ્થપાયેલ હોય તો તે માટે લાયસન્સ મેળવવાનું રહેશે નહીં, માત્ર મનપાને ૩૦(ત્રીસ) દિવસ તે બાબતની જાણ જરૂરી મંજુરી તથા આનુષાંગીક પુરાવાઓ સાથે કરવાની રહેશે. પરંતુ GPCB (Gujarat Pollution Control Board)ની તે માટે જરૂરી NOC મેળવેલ હોવી જોઈશે.

(II) **ખાસ બાબતો/ મુદ્દાઓ:- (On-site તથા Off-site Concrete RMC Batching Plants માટે)**

**Ready-Mix Concrete (RMC) Plant / Concrete Batching Plant ના લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ ઇસ્યુ કરતા પહેલાં ઝોનલ કચેરીએથી નીચેના મુદ્દાઓ અંગે સ્થળતપાસ કરવાની રહેશે.**

1. અરજદાર / વપરાશકર્તા દ્વારા પ્લાન્ટના દરેક Entry અને Exit થી જાહેર રસ્તા સુધીના ભાગને RCC/ ડામર નો બનાવેલ છે કે નહી તે અંગે ચકાસણી કરવાની રહેશે.
2. અરજદાર/ વપરાશકર્તા દ્વારા માલસામાન લાવવા-લઇ જવા તથા અન્ય કારણોસર અવરજવર કરતી ટ્રકો તથા અન્ય વાહનો માટે સાઇટના રસ્તા તરફના ભાગથી શરૂ કરી

ઓછામાં ઓછા ૫૦ રનીંગ મીટર અથવા કુલ રસ્તાની લંબાઇના ૫૦% જેટલો આંતરીક રસ્તો આર.સી.સી./ પેવીંગ કરેલ છે કે નહિ તે અંગે જરૂરી ચકાસણી કરવાની રહેશે.

3. અરજદાર/ વપરાશકર્તા દ્વારા પ્લાન્ટમાંથી બહાર નીકળતા તમામ વાહનોના ટાયર વોશ કર્યા બાદ જ બહાર નીકળે તે માટેની તકેદારી રાખવાની રહેશે તેમજ તે માટે જરૂરી આંતરિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂરી પેવ્ડ એરીયા/ પ્લેટફોર્મ બનાવેલ છે કે નહી તે અંગે જરૂરી ચકાસણી કરવાની રહેશે અને વોશ-આઉટ પાણી પ્રિમાઈસીસની બહાર ના આવે તેની તકેદારી રખાવવાની રહેશે.
4. RMC પ્લાન્ટ તમામ બાજુએથી ઓછામાં ઓછી ૫.૦૦ મી. ઊંચાઈનું બેરીકેટીંગ કરી/પતરાં લગાવી બંધ (Enclosed) કરેલ છે કે નહિં તે અંગે ચકાસણી કરવાની રહેશે.
5. Air Quality Monitoring Sensors, High-Resolution Cameras for Surveillance અને Anti-Smog Gun or Mist Machine લગાવેલ છે કે નહિ તે અંગે ચકાસણી કરવાની રહેશે.
6. સ્થળે જરૂરી પાર્કિંગની તેમજ આવતા TRANSIT MIXER / ડમ્પર/ ટ્રક વિગેરે ઉભા કરવા માટે પ્લાન્ટની પ્રીમાઇસીસમાં પૂરતી વ્યવસ્થા કરેલ છે કે નહિ તે અંગે જરૂરી ચકાસણી કરવાની રહેશે.

**ઉપરોક્ત મુદ્દાઓ અંગે સ્થળતપાસ કરીને પૂર્તતા થયા બાદ જ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ ઈસ્યુ કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.**

## (III) On-Site / Off-Site Concrete Batching Plant અંગે લેવાના રેહતા તકેદારીના પગલા તથા અન્ય સુચનાઓ.

1. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ અંતર્ગત સ્થળે ફક્ત Temporary Structure બનાવી શકાશે. તેમજ સદર પ્લાન્ટ માટે સ્થળે બનાવવામાં આવતા પ્રોસેસીંગ યુનીટ (Silos) ને તથા અન્ય તમામ સંલગ્ન બાંધકામ/ સ્ટ્રકચરને રસ્તા તથા અન્ય તમામ બાજુએ લઘુત્તમ ૬.૦૦ મી. માર્જીન જાળવી બનાવવાના રહેશે.
2. સ્થળે સલામતીના ભાગરૂપે અગ્નિશામક અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.
3. સ્થળે જરૂરી સેનેટરી પ્રોવિઝન કરવાનું રહેશે. પ્રિમાઈસીસની બહાર ડ્રેનેજ કે અન્ય કચરાનો નિકાલ કરી શકાશે નહી.
4. વધુમાં સદર વાહનના ટાયરમાં ચોંટેલી માટી/ Fly Ash થી જાહેર રસ્તા પર Dusting થતું ધ્યાને આવશે તો દંડ પેટે વહીવટી ચાર્જ વસૂલવામાં આવશે.
5. પ્લાન્ટમાં Store કરવામાં આવતા રેતી, માટી, ગ્રીટ, કપચી, વિગેરેથી હવા પ્રદૂષણ ના થાય તેમજ ટ્રકમાંથી પ્લાન્ટમાં ઠાલવતા સમયે સૌ પ્રથમ સ્પ્રીંક્લરમાંથી પસાર થાય તેની તકેદારી રાખવાની રહેશે અને તે માટે water-sprinkler(Mist machine)થી જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ Silos માં

કે TRANSIT MIXERમાં મટીરીયલ ભરતા સમયે હવામાં ના ઉડે તે માટે યોગ્ય કવર-ગ્રીન નેટ Silos ની ફરતે રાખવાની રહેશે.

6. પ્લાન્ટ ઉપર અવર-જવર કરતા ટ્રકો/ ભારખટારા / જેસીબી મશીન તથા અન્ય મશીનરી દ્વારા જાહેર રસ્તા, ફુટપાથ તથા અન્ય મિલક્તોને નુકશાન થાય નહિ તથા ગંદકી ફેલાય નહીં તે માટે તકેદારીના પગલા લેવાના રહેશે.
7. પ્લાન્ટમાં આવતા કે પ્લાન્ટમાંથી નીકળતા TRANSIT MIXER/ ડમ્પર/ ટ્રક વિગેરે વાહનો દ્વારા Transportation દરમિયાન યોગ્ય કવર-ગ્રીન નેટ/ Canvasથી ઢાંકેલા હોવા જોઇએ.
8. પ્લાન્ટમાં આવતા કે પ્લાન્ટમાંથી નીકળતા TRANSIT MIXER / ડમ્પર / ટ્રક વિગેરે વાહનો દ્વારા Transportation દરમિયાન પણ કોઈ પણ પ્રકારનો Concrete Residue, રેતી, માટી, ગ્રીટ, કપચી, કચરો, જાહેર જગ્યા પર ઠલવાતો/ છલકાતો ધ્યાને આવશે તો દંડ પેટે વહીવટી ચાર્જ વસૂલવામાં આવશે.
9. Ready Mixed Concrete Plantના વપરાશ દરમ્યાન Noise Control તથા Vibration Control માટેની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે. Effluent Discharge/ Disposal of Solid Waste/Liquid Waste/ Chemical Wasteની નિયામનુસાર ટ્રીટમેન્ટ કરી યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે.
10. On-site કે Off-site Concrete Batching Plant માટે મનપા ખાતેથી લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ મેળવવું ફરજીયાત કરવામાં આવે છે. જે ફક્ત કામચલાઉ ઉપયોગ / વપરાશ માટે આપવામાં આવશે.
11. મનપા વિસ્તારમાં હાલમાં કાર્યરત તમામ Off-site RMC/ Concrete Batching Plants કે જે લેન્ડયુઝ ઝોનમાં મંજુરીપાત્રના હોય તેના માટે, સદર માર્ગદર્શિકા/ કાર્યપદ્ધતિ જાહેર થયા બાદ દિન-૩૦(ત્રીસ)માં પ્લાન્ટનો વપરાશ/ ઉત્પાદન બંધ કરીને અન્ય મળવાપાત્ર ઝોન/જમીનમાં પ્લાન્ટ શીફ્ટ કરી લાયસન્સ મેળવી લેવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ સમયમર્યાદા ઉપરાંત વધુ દિવસની સમયમર્યાદા વધારવા માટે ડે.મ્યુ. કમિશનરશ્રી(સંબંધિત ઝોન)ની મંજુરી/ નિર્ણયને આધિન કાર્યવાહી કરવાની રહેશે.
12. સ્થળે ઉભા કરવામાં આવતાં Temporary Structure ની Structure Stability માટે Structure Engineerનું પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનુ રહેશે. સ્ટ્રકચર સ્ટેબીલીટી માટે મનપાની કોઈ જવાબદારી રહેશે નહી.
13. મનપા દ્વારા ઈસ્યુ કરવામાં આવતા લાયસન્સથી માલિકી બાબતેના કોઈ આધાર-પુરાવા તરીકે માન્યતા મળતી નથી. તેમજ જે-તે જમીન પરના ખાનગી હક્કો અંગે કોઈ ફેર-બદલ થતો નથી અને તે માટે મનપાની કોઈ જવાબદારી રહેશે નહી.
14. પ્લાન્ટ સંબંધિત કોઈ પણ લીટીગેશન ઉભા થાય તો તે બાબતે મનપાની કોઈ જવાબદારી રહેશે નહી.
15. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ રીન્યુ કરવાની, સુધારા-વધારા કરવાની, રદ કરવાની આખરી સત્તા મનપા પાસે રહેશે.

16. ખાનગી અથવા સરકારી સંસ્થાઓ પાસેથી ભાડે અથવા લીઝથી મેળવેલ જમીનોના ભાડા કરાર/ લીઝની અવધિ પૂર્ણ થયેથી લાયસન્સ ટુ યુઝની અવધિ આપોઆપ પૂર્ણ થયેલી ગણાશે.
17. લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટની નકલ સાઈટ પર સ્પષ્ટ રીતે વંચાય તે રીતે કાયમી ધોરણે લગાવવાની રહેશે.
18. Policy on Good Construction Practices in Navsari ની સંબંધિત તમામ જોગવાઈનું પાલન કરવાનું રહેશે.
19. Concrete Mixing Plantની Entry/ Exitથી ૧૦૦મી. સુધીમાં આવતા ટી.પી. રસ્તાની સાફ-સફાઈ/ જાળવણી RMC Plant સંચાલકે કરવાની રહેશે.
20. જાહેર રસ્તામાં પાર્કિંગ કરી શકાશે નહી કે કોંક્રીટ બેચીંગ પ્લાન્ટને સંલગ્ન વાહનો ઉભા કરી શકાશે નહી.
21. આગ/ અકસ્માત માટે સુરક્ષાની જરૂરી તમામ વ્યવસ્થા સ્થળે કરવાની રહેશે.
22. કોઈપણ પ્રકારના અકસ્માતના કિસ્સામાં તમામ જવાબદારી લાયસન્સ ધારણકર્તાની રહેશે તથા જાનહાની કે નુકશાન ના થાય તે અંગેની વ્યવસ્થા તથા તકેદારી રાખવાની રહેશે.
23. લાયસન્સ ટુ યુઝની કોઈપણ શરતનો ભંગ કરવામાં આવશે તેમજ આ લાયસન્સ મેળવતી વખતે રજુ કરેલ કોઈપણ દસ્તાવેજી પુરાવામાં વિસંગતતા જણાય કે ખોટા પુરાવા રજુ કરેલ હશે તો સદર લાયસન્સ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.
24. વધુમાં મનપામાથી મેળવવામાં આવેલ લાયસન્સ ટુ યુઝ સર્ટીફિકેટ, વિકાસનો વ્યાપ તેમજ અમલી ઝોનને આધારિત જરૂરિયાત ઉભી થાય ત્યારે મનપા લાયસન્સ રદ્દ કરી શકશે/ સ્થગિત કરી શકશે.
25. માર્ગદર્શિકા/ કાર્યપદ્ધતિમાં જણાવેલ કોઈ બાબતે અર્થઘટન કરવામાં વિસંગતતા ઉભી થાય તો મ્યુનિ. કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે. તેમજ જો કોઈ કોર્ટ-મેટર કે કોર્ટ ને લગતી દાવા-દુવી થાય તો તેનો અધિકારક્ષેત્ર માત્ર નવસારી રહેશે.
26. ઉપરોક્ત જણાવેલ બાબતોએ કોઈ ઉલ્લંઘન ધ્યાને આવશે તો મનપા દ્વારા સદર લાયસન્સ રદ્દ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

દેવ ચૌધરી (IAS)
કમિશનર
નવસારી મહાનગરપાલિકા

# આભાર